અપીલ અરજી નં.૩૪૩ તા.૧૩–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ભીમજીભાઈ પટેલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન)

ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીમજીભાઈ પટેલની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી વરાછાઝોનમાં આવેલ તમામ ટી.પી. પ્રમાણે વર્ષ ૨૦૦૯–૧૦ માં કેટલા બાંધકમ પૂર્ણ થયેલ છે અને કેટલા બાંધકામ ચાલુ છે જેની રૂબરૂ તપાસ કરી વિવિધ પ્રશ્નોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૩/૨૦૦૯–૧૦

શ્રી ભીમજીભાઈ પટેલની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી વરાછાઝોનમાં આવેલ તમામ ટી.પી. પ્રમાણે વર્ષ ૨૦૦૯–૧૦ માં કેટલા બાંધકમ પૂર્ણ થયેલ છે અને કેટલા બાંધકામ ચાલુ છે જેની રૂબરૂ તપાસ કરી વિવિધ પ્રશ્નોની માહિતી આપવા બાબતે આપેલ માહિતી અધુરી તેમજ ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા તેની સાથે બાંધકામ મંજુરી રજીસ્ટર તેમજ ગેરકાયદેસર બાંધકામ અંગે આનુષાંગિક નિભાવેલ દફતરની માહિતી પણ સાથે મોકલવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૯ તા.૨૨–૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન) અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને મુળ અરજીની નકલ તથા મળેલ માહિતીની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, વરાછાઝોન તરફથી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૪૫૦ તા.૩૦–૧૧–૦૯ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૫૦ તા.૧૫–૧૨–૦૯ ના પત્રની નકલ તથા તા.૧–૪–૦૯ થી તા.૧૬–૧૧–૦૯ સુધી પત્રક–૧ બીયુસી આપ્યાની વિગત તથા પત્રક–૨ મંજુર કરવામાં આવેલા બાંધકામની વિગત દર્શાવતું પત્રકની નકલ,પુણા વિસ્તારમાં બ્લોક નંબર અને ટીપી સ્કીમ નં.૧૧ ના બાંધકામની માહિતીનું પત્રકની નકલ, ટીપી નં.૧૨ ના બાંધકામ દર્શાવતું પત્રકની નકલ, ટીપી નં.૧૭ બાંધકામ દર્શાવતું પત્રકની નકલ,, ટીપી નં.૨૦ દર્શાવતા પત્રકની નકલ, ટીપી ૬૦ દર્શાવતા પત્રની નકલ, ટીપી નં.૬૮ દર્શાવતા પત્રકની નકલ અત્રેના વિભાગને પૂરક માહિતીમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨–૨–૧૦ ના રોજ પૂરક વિગતોમાં ટીડીઓ નં.૪૫૩૬ તા.૧૪–૧૨–૦૯ ની નકલ, આરટીઆઈ સેલ/આ.નં.૪૫૦ તા.૩૦–૧૧–૦૯ ના તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, ટીડીઓ નં.૪૫૩૬ તા.૧૪–૧૨–૦૯ ના પત્રની નકલ, ૨૦૦૯ માં પૂર્ણ થયેલા બાંધકામોના પત્રક–૧ ની નકલ, હાલમાં ચાલુ બાંધકામ પત્રક–૨ ની વિગત, ૨૦૦૯ માં વરાછાઝોન વિસ્તારમાં મધ્યસ્થ શહેર વિકાસ ખાતા ધ્વારા મંજુર કરાયેલ પ્લાનની યાદીની વિગતો પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧. વરાછાઝોનમાં આવેલ તમામ ટીપી પ્રમાણે સને ૨૦૦૯–૧૦ ના બાંધકામો તથા આકારણી બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગવામાં આવેલ. જે અંગે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ ૪૫૦ તા.૧૫–૧૨–૦૯ થી મુદ્દા નં.૧ થી ૪ તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧. વરાછાઝોનમાં આવેલ તમામ ટીપી પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૦૯–૧૦ માં કેટલા બાંધકામ પૂર્ણ થયા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્રક–૧ માં જણાવ્યા મુજબની વિગત તા.૧–૪–૦૯ થી તા.૧૬–૧૧–૦૯ સુધીમાં બીયુસી આપ્યા અંગેના ટીપી નં.૮ ઉમરવાડા, ટીપી નં.૧૭ ફુલપાડા, ટીપી નં.૩૪ મગોબ, ટીપી નં.૫૩ મગોબ ડુભાલ, મોજે નાના વરાછા ટીપી સ્કીમ નં.૪ એ.કે. નવાગામ કુલ્લે ૬ ટીપીની વિગત તથા જાહેર માહિતી અધિકારી ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ તરફથી પત્રક–૧ મુજબ કુલ્લે ૧૧ ટીપીના બાંધકામ પૂર્ણ થયેલ છે. જેમાં ટીપી સ્કીમ નં.૩૮ નાના વરાછા, ટીપી સ્કીમ નં.૩૮ નાના વરાછા, ટીપી સ્કીમ નં.૫૩ મગોબ–ડુંભાલ ટીપી સ્કીમ નં.૫૩ મગોબ–ડુંભાલ ટીપી સ્કીમ નં.૫૩ મગોબ–ડુંભાલ,ટીપી સ્કીમ નં.૫૩ મગોબ–ડુંભાલ, ટીપી સ્કીમ નં.૪ અશ્વનીકુમાર–નવાગામ, ટીપી સ્કીમ નં.૪ અશ્વનીકુમાર–નવાગામ, ટીપી સ્કીમ નં.૨૧ સરથાણા–સીમાડા,ટીપી સ્કીમ નં.૧૫ ફુલપાડા, ટીપી સ્કીમ નં.૧૮ મોટાવરાછાની માહિતી પૂર્ણ થયાની પૂરી પડાયેલ છે.આમ જાહેર માહિતી અધિકારીઓ તરફથી મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨. વરાછાઝોનમાં થયેલ વર્ષ ૨૦૦૯ ના પૂર્ણ બાંધકામ અને હાલમાં ચાલુ બાંધકામનું રૂબરૂ તપાસ કરીને ટીપી પ્રમાણેનું લીસ્ટ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આરટીઆઈ અધિનિયમ જોગવાઈ અન્વયે સ્થળ તપાસ કે સર્વે કરીને અરજદારને માહિતી આપવાની રહેતી નથી. જયારે ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ તરફથી વરાછાઝોનમાં વર્ષ –૨૦૦૯ માં મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના કાર્યક્ષેત્રમાં આવતા પૂર્ણ થયેલ બાંધકામની વિગત મુદ્દા નં.૧ મુજબ છે. મધ્યસ્થ શહેર વિકાસ ખાતા ધ્વારા મંજુર થયેલ પ્લાનો પૈકીના ખાતાના સુપરવીઝન હેઠળના ૩૨ બાંધકામો ચાલુ છે જે અંગેનું પત્રક–૨ આપેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩.

વરાછાઝોનમાં કેટકેટલા ટીપી પ્રમાણે બાંધકામ પ્લાન પાસ છે? અને કેટકેટલા બાંધકામ ગેરકાયદેસર છે તે નોંધ પ્રમાણે લીસ્ટમાં રૂબરૂ તપાસ કરીને યાદીમાં નોંધ કરી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્રક–૨ માં જણાવ્યા મુજબ ક્રમાંક નં.૧ થી ૧૮ ની વિગત આપેલ છે તથા આરટીઆઈ અધિનિયમની જોગવાઈ અન્વયે સ્થળ તપાસ કે સર્વે કરીને અરજદારને માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. જયારે ડાયરેકટર ઓફ પ્લાનીંગ કક્ષાએથી વરાછાઝોનમાં ટીપી પ્રમાણે મધ્યસ્થ શહેર વિકાસ ખાતા ધ્વારા વર્ષ ૨૦૦૯ માં ૪૯ વિકાસ પરવાનગીની અરજી (પ્લાનો) મંજુર કરેલ છે તેવું જણાવી દર્શાવતું પત્રક પણ અરજદારને આપેલ હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.૪ વરાછાઝોનમાં આવેલ તમામ ટીપીમાં થયેલ ગેરકાયદેસર બાંધકામની આકારણી થયેલ છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આકારણી કરતી વેળા ખાતા તરફથી મિલ્કતદારો પાસેથી બાંધકામ અંગેના અધિકૃત પુરાવાઓ માંગવામાં આવે છે. તેમ છતાં આપવામાં આવતા નથી જેથી આકારણી દાખલ કરતી વખતે બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદસર છે તે ફલીત થતું નથી. તેથી બાંધકામ કાયદેસર કે ગેરકાયદેસર જાણી શકાતું નથી. તેવી માહિતી જાહેર માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.જેના અનુસંધાને અરજદારે અધૂરી તેમજ ગેરમાર્ગે દોરનારી માહિતી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૧૩–૧–૧૦ થી અપીલ અરજી કરેલ છે. જેમાં વરાછાઝોનમાં આવેલ તમામ ટીપી પ્રમાણે વર્ષ ૨૦૦૯–૧૦ માં કેટલા બાંધકામ પૂર્ણ થયેલ છે અને કેટલા બાંધકામ ચાલુ છે જેની રૂબરૂ તપાસ કરી વિવિધ પ્રશ્નોની માહિતી માંગેલ તેમાં કાયદેસર પ્લાન પાસનું લીસ્ટ આપવામાં આવેલ છે. બાકીની તમામ ટીપીઓમાં પૂર્ણ થયેલ કે ચાલુ કોઈ લીસ્ટ આપવામાં આવેલ નથી. જાણીબુજીને માહિતી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરવામાં આવેલ છે. પરંતુ તે અંગે કોઈ આધાર કે વાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.જેથી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ધ્વારા મુળ અરજીના સંદર્ભ અરજદારને સામેલ માહિતી તેટલે અંશે સુસંગત છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂરક વિગતોમાં પુણા વિસ્તારના પ્લોટનંબર અને બ્લોક નંબર પ્રમાણે ટીપી સ્કીમ નં.૧૧,૧૨,૧૭, ૨૦ ૬૦ અને ૬૮ ની બાંધકામની માહિતી યાદી રજૂ કરેલ છે. જે સૂચવે છે કે માહિતી દફતરે છે પરંતુ તે અરજદારને પૂરી પડાયેલ છે કે કેમ તેવું જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત નિર્દિષ્ટ ટીપી સ્કીમ નં.૧૧,૧૨,૧૭,૨૦ ૬૦ અને ૬૮ ની માહિતી અરજદારને પૂરી પડાયેલ ન હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/ ડે.કમિશનર(જનરલ),
તારીખ : –૨ –૧૦ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન), ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભીમજીભાઈ પટેલ,